પાપ કરતી વખતે જેટલી મિઠાસ મળી હોય છે એટલી જ કડવાશ એના પરિણામ રૂપે ભોગવવી પડે છે
- વિષ્ણુ પુરાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫૫ | ૨૮ નવેમ્બર, ૨૦૧૪, શુક્રવાર ; માગશર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પ્રથમ દિવસે જ કલેક્ટરને ગંદકીના ૧૦૦થી વધુ ફોટા મોકલાવાયા

### ગંદકી અને દબાણ મામલે ૩૦થી વધુ ફરિયાદો મળી : સે. ૨૧માં કોર્પોરેશને દંડનીય કાર્યવાહી કરી : પ્રવિણ પટેલે ૪૫ થી વધુ ફોટો મેઈલ કર્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરને સ્વચ્છ શહેર બનાવવાની ઝુંબેશના ભાગરૂપે જિલ્લા કલેક્ટરે પોતાનો મોબાઈલ નંબર જાહેર જનતા માટે મુકી અને ફરિયાદો માંગતા આજે પ્રથમ દિવસે જ ૩૦ થી વધુ ફરિયાદો અને ૧૦૦ જેટલા ગંદકીના થરના ફોટોગ્રાફસ મળ્યા છે.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે તુરત જ આ તસવીરો અને ફરિયાદો મહાનગરપાલિકાના સત્તાવાર તંત્રને મોકલી આપી તેના ઉકેલ માટેનું ફોલો-અપ સાથેની વિગતો રજુ કરવા જણાવ્યુ છે.

ગઈકાલે સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરી વિકાસ વિભાગના અધિક સચિવે ટુંકાગાળાની કાર્યયોજના તૈયાર કરી તેના અમલીકરણમાં આગળ વધવા માટે સૂચવ્યુ હતુ.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરને આજે વહેલી સવારે જ વોર્ડ નં. ૪ ના કાઉન્સીલર અને સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે સે. ૨૧ અને સે. ૨૨માં ગંદકીને લઈ ૪૦થી પણ વધુ ફોટાઓ મેઈલ કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## મેડિકલ કોલેજની ઈન્સ્પેકશન ટીમ સીધી નવા વોર્ડ અને ઓ.પી.ડી.માં ત્રાટકી

### આજથી કાઉન્સીલની ટીમ દ્વારા હાથ ધરાયેલ ઈન્સ્પેકશન હજુ બે દિવસ ચાલશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ચોથા વર્ષના અભ્યાસક્રમ માટેની મંજૂરી અંગે આજે મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ ઈન્સ્પેકશન માટે આવી પહોંચી છે.

ત્રણ સભ્યોની બનલી આ ટીમે આજે સવારે આવી હોસ્પિટલ સંકુલની મુલાકાત લઈ ઓપીડી તેમજ વોર્ડનું ઈન્સ્પેકશન કર્યુ હતું. નવા સંકુલમાં તાબડતોબ શરૂ કરાયેલા વોર્ડમાં સુવિધાઓનો અભાવ જોઈ ઈન્સ્પેકશન ટીમ ચોંકી ઉઠી હતી.

મહિલા અધિકારી સહિતની બનેલી આ ઈન્સ્પેકટરોની ટીમે બપોર બાદ હેડ કાઉન્ટીંગ અને સર્ટિફિકેટ વેરીફીકેશનની કામગીરી હાથ ધરી હતી જે મોડી સાંજ સુધી ચાલુ રહી હતી.

ટીમે પોતાની આજની કામગીરી મોડી રાત્રે પુરી કરી હતી. જો કે ટીમે વોર્ડ ટ્રાન્સફર કરાતાં દર્દીઓને પડેલી મુશ્કેલીઓ અંગે કોલેજ સત્તાવાળાઓનું ગંભીર રીતે ધ્યાન દોર્યું હોવાનું જાણવા મળેલ છે.

ટીમ શુક્રવારે પણ ઈન્સ્પેકશન અંગેની કામગીરી ચાલુ રાખશે. ટીમ આજે કોલેજ સંકુલ અને વિદ્યાર્થીઓની હોસ્ટેલની સુવિધા સહિતની બાબતો અંગે ચકાસણી કરશે.

ગાંધીનગર મેડીકલ કોલેજની ૧૫૦ બેઠકો મંજૂર થયેલી છે. ૩ વર્ષની મંજૂરી મળી ચુકી છે. ચોથા વર્ષની મંજૂરી માટે ૧૫૦ પથારીની નવી સુવિધા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત નવું ઓપીડી ભવન પણ હજુ સંપૂર્ણ રીતે કાર્યરત થયું નથી. જો કે ક્રમશઃ તેમાં બધી સુવિધાઓ ઉપલબ્ધ થઈ જશે. આ માટે બે માસ જેટલો સમય લાગશે તેમ કોલેજના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સંકુલની સુવિધાઓ અને આયોજનને લઈ કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસ ઈન્સ્પેકશન ટીમ સમક્ષ પાવર પોઈંટ પ્રેન્ટેશન રજુ કરશે તેમ મનાઈ રહ્યું છે.





સ્વચ્છ ગાંધીનગર - શહેરનું સમગ્ર વહીવટીતંત્ર આજકાલ ગાંધીનગરને ગંદકી અને દબાણ મુક્ત શહેર બનાવવામાં ઓતપ્રોત છે... જાન્યુઆરી મહિનામાં મોંઘેરા મહેમાનો ગાંધીનગરને આંગણે પધારી રહ્યા છે ત્યારે સ્વચ્છ ગાંધીનગર બનાવવા રાત-દિવસ પુરુષાર્થ કરાય છે... અને ખુબ જ સારી વાત છે, સ્વચ્છતા ત્યાં પ્રભુતા-એ આપણી લોકોક્તિ છે... પરંતુ સત્ય છે ગાંધીનગરના ખૂણે ખૂણેથી ગંદકી શોધીને ચોખ્ખુચણાક બનાવવાનો પ્રયાસ દિન-પ્રતિદિન મજબૂત બને અને સાથે સતત જળવાતો રહે એ જરૂરી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## ઠંડીમાં પણ ગાંધીનગર રાજ્યમાં પ્રથમ સ્થાને

### નગરનું જનજીવન ઠંડીથી પ્રભાવિત : પારો ૧૪ ડિગ્રી સાંજ ઢળતા જ સેક્ટરોમાં ઠંડીની અસરથી સૂનકાર

ગાંધીનગર, તા. ૨૭

ઋતુચક્રના બદલાતા મિજાજ વચ્ચે શરદીની ઋતુએ આ વખતે થોડી મોડી દસ્તક દીધી છે. ત્યારે છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાતાવરણમાં ઠંડીનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. મોસમના બદલાતા મિજાજ સાથે શિયાળાની શરૂઆતથી જ ગાંધીનગર સૌથી ઠંડુ શહેર હોવાનો અહેસાસ નાગરિકો કરી રહ્યા છે. આજે પણ કાતિલ બનવા જતા શિયાળાએ સુસવાટા મારતી ઠંડીનો પરચો આપી દીધો હતો. ન્યૂનતમ તાપમાન આજે પણ ૧૪ ડિગ્રી રહ્યું હતું. સાંજ ઢળતા જ નગર ઠંડુગાર થઈ ગયું હતું.

શિયાળાના પ્રારંભિક તબક્કે મોસમના વિચિત્ર મિજાજનો અહેસાસ કર્યા બાદ હવે ધીમે ધીમે ઠંડીની મોસમ નિખરી રહી છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી લઘુત્તમ તાપમાન ગગડતા આગામી દિવસોમાં શિયાળો આકરો બનશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ગઈકાલની જેમ આજે પણ લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ઠંડીનું મોજુ પ્રવર્તતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. જ્યારે વહેલી સવારે અને રાત્રીના ઠંડીના ચમકારાથી નગરનું જનજીવન પણ પ્રભાવિત થયુંછે. સાંજ ઢળતાં જ સેક્ટરોમાં સૂનકાર છવાઈ જાય છે. રાત્રિના સમયે નાગરિકો ઠંડીની અસરથી બચવા બહાર જવાનું ટાળે છે. બજારમાં ગરમ વસ્ત્રોનું વેચાણ વધી ગયું છે. ઠંડીની અસરથી ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓની હાલત પણ કફોડી બનતી જાય છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેવડાથી વધુ તફાવત જોવા મળી રહ્યો છે.

ગુજરાત સહિત દેશ અને દુનિયામાં ઋતુચક્રમાં અણધાર્યા ફેરફાર થતાં વિલંબથી શરૂ થયેલી શિયાળાની સિઝન હવે ધીરે ધીરે જમાવટ કરી રહી છે. નવેમ્બર મહિ મહિનો પુરો થવા આવ્યો હોવા છતાં હજુ કડકડતી ઠંડી નોંધાઈ નથી પરંતુ છેલ્લા કેટલાક દિવસથી રાત્રિના તાપમાનમાં ક્રમશઃ ઘટાડો થતાં હવે ક્રમશઃ ગરમ વસ્ત્રોનો ઉપયોગ શરૂ થયો છે. ગુજરાતના મુખ્ય શહેરો પૈકી ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું છે. આની સાથે જ રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડુ રહ્યું હતું.

### ક્યા કેટલું તાપમાન

| સ્થળ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| ગાંધીનગર | ૧૪ |
| અમદાવાદ | ૧૫ |
| ડિસા | ૧૫.૨ |
| ઈડર | ૧૭ |
| વડોદરા | ૧૮ |
| સુરત | ૧૮ |
| વલસાડ | ૧૫.૬ |
| નલિયા | ૧૬.૩ |
| કંડલાએરપોર્ટ | ૧૪.૭ |
| અમરેલી | ૧૫.૭ |
| મહુવા | ૧૫.૧ |



પુષ્પનું પ્રાગટ્ય - શિયાળાના સૌંદર્યની અનુભૂતિ માણવી હોય તો પુષ્પની પ્રાગટ્ય પળને આંખમાં સમાવવી પડે છે... જીવનની દોડધામમાંથી બે-પાંચ ક્ષણ પણ પ્રકૃતિના પરમ વૈભવને નિહાળવામાં જો ફાળવી શકાય તો આપણી આંતરિક શક્તિની સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય છે... પુષ્પનું પ્રાગટ્ય એ કુદરતની અણમોલ ઘટના છે... કેવા અદભૂત રંગ, કેવી અવનવી ડીઝાઈન, લીલાછમ પાંદડાઓની વચ્ચે વૈવિધ્યપૂર્ણ રંગોથી પ્રગટતું પુષ્પ પરમ તત્વની અનુભૂતિનો અહેસાસ કરાવે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

### કારોબારીની બેઠક કોરમ ન થતાં મુલ્તવી રાખવી પડી : કારોબારીમાંથી વિજયસિંહ ચાવડાનું રાજીનામુ : એન.એ.ના કેસો ઉપરાંત જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગ બાબતે તેમજ કુપોષણમુક્તી અભિયાન અંગે નિર્ણય થશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે શુક્રવારે મળનાર બેઠક અતિ મહત્વની બની રહેશે. જો કે રાજકીય ઉત્તેજનાઓ ઓછી છે પણ આ બેઠકમાં મહત્વના નિર્ણયો થશે. જેં માર્ચ-૨૦૧૫ સુધીમાં જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવાના અભિયાનની મંજૂરીનો સમાવેશ થાય છે.

જિલ્લા કોંગ્રેસમાં બળવા બાદ શ્રીમતિ હીના પટેલના અધ્યક્ષપદે આ મળી રહેલી ત્રીજી બેઠકમાં આમ તો વહીવટીય કામગીરી વધુ છે. આ બેઠકમાં વિપક્ષ દ્વારા પ્રશ્નોત્તરી માટે પણ બહુ ઉત્સાહ દાખવવામાં આવ્યો નહિ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતની આજે મળનારી બેઠકને લઈ તંત્રએ પણ તેની તૈયારીઓ લગભગ પુરી કરી દીધી છે. કોંગ્રેસ પણ બહુ આક્રમક મૂડમાં હોય તેમ જણાતુ નથી.

આજની આ બેઠકમાં જિલ્લા પંચાયતમાં બેસવાની પડતી તકલીફોના નિવારણ માટે નવીન બિલ્ડીંગ હાલનું બિલ્ડીંગ તોડી પાડી બનાવવાનો નિર્ણય કરાશે. ગાંધીનગર જિલ્લા પંચાયતનું હાલનું મકાન ૩૪ વર્ષ જુનુ છે, એટલું જ નહિ એક તાલુકાનો જિલ્લો હતો ત્યારે આ મકાન બનાવવામાં આવ્યું હતું. જિલ્લાનું વિસ્તરણ થયા બાદ કર્મચારીઓની સંખ્યામાં તેમજ કાર્યભારણમાં પણ અનેક ગણો વધારો થયો છે.

રાજ્ય સરકારમાં રજુઆતો પછી પણ નવીન મકાન માટે પ્લોટની માંગણી અટવાયેલી છે. હવે ગુડાએ નવી એફ.એસ.આઈ. મંજૂર કરી છે ત્રે હાલનું આ મકાન તોડી નવુ બિલ્ડીંગ બનાવવા પર વિચારણા આજની બેઠકમાં થશે.

આજની બેઠકમાં ૧૩મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી વિકાસના કામો સૂચવવાની સત્તા પ્રમુખને સોંપવા બાબતે પણ ચર્ચાઓ થનાર છે.

આ ઉપરાંત જિલ્લાને કુપોષણમુક્ત બનાવવા માટે જિલ્લાની તમામ આંગણવાડીઓમાં ધન્વંતરી પ્રોજેક્ટ્સ અમલી બનાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

પંચાયતમાં હાલ ભાજપની સંખ્યા ૧૭ની થઈ છે જ્યારે કોંગ્રેસની સંખ્યા ૧૦ની થઈ છે. આ સ્થિતિમાં આજની બેઠકમાં મહત્વના નિર્ણયો પર સૌની નજર મંડીયેલી છે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં એન.એ.ની સત્તા કારોબારી પાસેથી લઈ લેવામાં આવતાં તે અંગેના કેસો પણ હજુ થનાર છે.

દરમ્યાન આજે કારોબારીની સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી પરંતુ કોરમ ન થતાં તે મુલ્તવી રાખવાની ફરજ પડી હતી.

બીજી તરફ કારોબારી સમિતિમાંથી વિજયસિંહ ચાવડાએ રાજીનામુ આપ્યુ છે જેની ખરાઈ થઈ ગઈ છે અને તે રાજીનામુ મંજૂર કરવાની બાબત પણ આજની સામાન્યસભામાં રજુ થનાર છે.

## ઝડપથી બાંધી શકાય તેવા ગ્રીન ટોયલેટ લોંચ કરાયા

### રાષ્ટ્રની તાત્કાલિક સેનિટેશન માટે જરૂરિયાત સંતોષે છે

અમદાવાદ, તા. ૨૭

પુનાના પટેલ જૂથની મુખ્ય કંપની સહ્યાદ્રિ ઈન્ડસ્ટ્રીઝ વડાપ્રધાનના સ્વચ્છ ભારત મિશનમાં જોડાઈ છે. કંપનીએ વડાપ્રધાનના આ પગલાને એસઆઈએલ ફર્સ્ટ એન્ડ ફાસ્ટ ટકી શકે તેવા નાવિન્યપૂર્ણ ઝડપથી બાંધી શકાય તેવા ટોઈલેટ બ્લોક્સની રજૂઆત કરી છે. ડિઝાઈનર ગ્રીન ટોઈલેટ્સને સેમપ્લાય ડીઆઈવાય ટોઈલેટ બ્લોક્સ નામ આપવામાં આવ્યું, જે કોઈપણ સ્થળે સ્થાપિત કરી શકાય છે. આ ટોઈલેટને આજે અમદાવાદમાં લોંચ કરવામાં આવ્યા હતા.સહ્યાદ્રિ ઈન્ડસ્ટ્રીઝના મેનેજિંગ ડાયરેક્ટર સત્યેન પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ રજૂઆત રાષ્ટ્રની તાત્કાલિક સેનિટેશન જરૂરિયાતને સંતોષે છે. કંપની મોટાપાયે ઉત્પાદન, ઝડપી લોજિસ્ટીક્સ અને સ્થાપનાની ક્ષમતા ધરાવે છે. સેમપ્લાય ટોઈલેટ બ્લોક્સથી સ્વાસ્થ્ય, સુરક્ષા અને સ્વચ્છતા રાખવી સરળ રહે છે અને તે પોષાય તેવા ભાવમાં ઉપલબ્ધ છે.ટોઈલેટ બ્લોક્સમાં સેમપ્લાય ડીઆઈવાય ટોયલેટ બ્લોક્સ ટકી શકે તેવી નાવિન્યપૂર્ણતા છે. અંતરિયાળ, પહાડી વિસ્તારો, પ્રવાસન સ્થળો, કિલ્લાઓ જેવા ઓછા સ્ત્રોતો ધરાવતા વિસ્તારો અને રહેણંક તેમજ શાળાના સ્થળોમાં પણ તે સરળતાથી બાંધી શકાય છે.

સત્યેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, દેશના અડધા ઉપરાંતના રહેણાંકોમાં પોતાના ઘરમાં હજુપણ ટોયલેટની સુવિધાઓ નથી. મહિલાઓની સલામતી પણ આ મુદ્દા સાથે સંકળાયેલી છે. ઉપરાંત, ટોયલેટના અભાવને કારણે ચેપ અને રોગોનો સંભવિત ભય પણ રહેલો છે. આના કારણે વિશ્વના પરિપ્રેક્ષ્યમાં ભારતની પ્રગતિની ગાથામાં રુકાવટ આવે છે. એક કોર્પોરેટ નાગરિક તરીકે સ્વચ્છ ભારતથી વંચિત લોકોને અમે સ્વચ્છતા પુરા પાડવા માંગીએ છીએ.પટેલે વધુમાં જણાવ્યું કે નિકાસના પગલાઓમાં અમે આગામી નાણાંકીય વર્ષ સુધી નિકાસ વેચાણો બમણા કરવા ધારીએ છીએ. વિદેશ વ્યાપાર પગલાઓમાં એસઆઈએલને નિકાસગૃહનો દરજ્જો મળ્યો છે, જેનો અમને આનંદ છે. કંપનીએ નિકાસમાં વૃદ્ધિ નોંધાવીને અને શક્તિશાળી તેમજ અજોડ મેઈક ઈન ઈન્ડિયા બ્રાન્ડનું સર્જન કરીને આવો દરજ્જો મેળવ્યો છે. આને કારણે મળેલા લાભોમાં કંપની ખર્ચ પર નિયંત્રણ કરીને વધારે સારો નાણાંકીય દેખાવ કરી શકશે.

## ૧૫ રાજ્યોના મુખ્યપ્રધાન એકસાથે ગાંધીનગર આવશે

### પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ ગુજરાતની ઉજવણીના પગલે જાન્યુઆરી માસમાં વીવીઆપીઓનો કાફલો ગાંધીનગરમાં ખડકાશે : રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિતના મહાનુભાવો-ગાંધીનગરમાં આવવાના હોવાથી તૈયારીઓનો જોરશોરથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના ઈતિહાસમાં પહેલી વખત દેશના સર્વોચ્ચ રાજનેતાઓ એક સાથે મહેમાન બનશે. પ્રવાસી ભારતીય દિનની ઉજવણી નિમિત્તે યોજાનારા કાર્યક્રમોમાં ભારતના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને ૧૫ મુખ્યમંત્રીઓ સહિત વિવિધ કેન્દ્રિયમંત્રીઓ ગાંધીનગર આવશે. પ્રવાસી ભારતીય દિનની ઉજવણી અને વાયબ્રન્ટ સમિટ માટે ગાંધીનગરમાં રાત-દિવસ તૈયારીઓ ચાલી રહી છે.

જાન્યુઆરી માસમાં ગાંધીનગર વીવીઆપીઓનો મેળાવડો જામશે. પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે થશે ત્યારે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેબીનેટ મંત્રીઓ અને અન્ય રાજકારીઓ ગાંધીનગર ઉમટી પડશે. આગામી તા. ૮મી જાન્યુઆરી-૨૦૧૫ના રોજ પ્રવાસી ભારતીય દિનનું ઉદ્ઘાટન વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે. જ્યારે સમાપન સમારોહમાં રાષ્ટ્રપતિ ઉપસ્થિત રહેશે. સાથે જ વાયબ્રન્ટ સમિટની ઉજવણી કરવાની હોવાથી તૈયારીઓનો ધમધમાટ ગાંધીનગરમાં ચાલી રહ્યો છે. પ્રવાસી ભારતીય દિનની ઉજવણી માટે સાત હજાર મહાનુભાવોને આમંત્રિત કરવામાં આવ્યા છે. ખુબ મોટો સમારંભ હોઈ તથા વિદેશોમાં વસતા ભારતીયો આ ઈવેન્ટમાં હાજરી આપતા હોઈ લગભગ ૧૫ રાજ્યોના મુખ્ય પ્રધાનો પણ આ ઈવેન્ટમાં હાજરી આપશે. ગાંધીનગરમાં અગાઉ વાયબ્રન્ટ સમિટ જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. પરંતુ આટલા મોટા પાયે કોઈ ઈવેન્ટ યોજાઈ રહી હોય તેવું પ્રથમવાર બની રહ્યું છે. ખુબ મોટી સંખ્યામાં મહાનુભાવો પધારવા હોઈ તેમની સુરક્ષા સહિતની વ્યવસ્થા અને તૈયારીમાં સમગ્ર તંત્ર જોતરાઈ ગયું છે. મંત્રીઓ અને સરકારી તંત્ર દરરોજ મીટીંગો યોજી તૈયારીઓને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છે. ગાંધીનગર માટે આ કાર્યક્રમ યાદગાર બની રહેશે.




